પૂર્વભૂમિકા :-

અનુસ્નાતકના અભ્યાસ દરમિયાન 'ગ્રંથકાર ઉશનસ્' (પેપર નં. ૭) ના સર્જનકાર્યમાંથી પસાર થયો. આ પેપરના અભ્યાસ દરમિયાન ઉશનસ્ની કવિતામાંથી પસાર થતા 'વતન એટલે' કાવ્યની :

'' વતન એટલે છેવટે તો એક છાંયડી ;

છાંયડીને બાનો ચહેરો ;

વતનને બાનો ચહેરો ;''

પંક્તિ મારા હૃદયને સ્પર્શી ગઈ હતી. અનુસ્નાતકના અભ્યાસ બાદ એમ.ફિલ.ના અભ્યાસમાં જોડાયો. મને ફાળવેલ માર્ગદર્શક સાહેબશ્રી પ્રા. ડૉ. મહીપતસિંહ રાઓલજીના માર્ગદર્શન હેઠળ મેં **''કવિશ્રી ઉશનસ્ અને જયંત પાઠકના કાવ્યોમાં અતીતરાગ - એક અભ્યાસ''** વિષય પર એમ.ફિલ.ની પદવી મેળવી. એમ.ફિલ.ના સંશોધનકાળ દરમિયાન જ આ વિષય પર આગળ વધવાની ખેવના હતી. અને તેથી જ મેં તે વિષયક સામગ્રી એકઠી કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. પરંતુ એક મુંઝવણ હતી. આ વિષયને આગળ વધારવો કઇ રીતે ? પીએચ.ડી.ના અભ્યાસમાં મને ફાળવેલ માર્ગદર્શક ડૉ. દમયંતી પરમારે મારી આ મુંઝવણને દૂર કરી **''ગુજરાતી સાહિત્યમાં અતીતરાગ - એક અભ્યાસ'' (ઉશનસ્, જયંત પાઠક અને મણિલાલ હ. પટેલના સંદર્ભે)''** એવો દમદાર વિષય આપ્યો અને મેં તે વિષય પર કામગીરી શરૂ કરી હતી. જે આજે પીએચ.ડી.ના મહા શોધનિબંધ રૂપે રજૂ કરી રહ્યો છું.

પ્રસ્તુત મહા શોધનિબંધમાં પંડિતયુગ, ગાંધી અનુગાંધીયુગના સર્જકોની વતન પરસ્તી પરત્વેની અભિવ્યક્તિ કરતાં ઉશનસ્, જયંત પાઠક અને મણિલાલ હ. પટેલની વતનપરસ્તી પરત્વેની અભિવ્યક્તિમાં શો તફાવત છે ? તેનો અભ્યાસ કર્યો છે અને ગ્લોબલ તેમજ લોકલના દ્વન્દ્વ વચ્ચે માનવી પોતાના મૂળની તપાસ કરે છે - એવી જ કોઇ વૃત્તિથી પ્રેરાઇને મેં પસંદ કરેલા સર્જકોના Nostalgic locale દ્વારા ગુજરાતી ચેતનાનાં મૂળિયા તરફ જવાનો અભિગમ પસંદ કર્યો છે.

મારા સંશોધનનો વિષય છે. **ગુજરાતી સાહિત્યમાં અતીતરાગ - એક અભ્યાસ (ઉશનસ્, જયંત પાઠક અને મણિલાલ હ. પટેલના સંદર્ભે)** મેં મારા આ સંશોધનને કુલ છ પ્રકરણમાં વિભાજિત કર્યું છે.

પ્રકરણ-૧ :- અતીતરાગ (Nostalgia)

૧.૧ - અતીતરાગ : શબ્દ, વ્યાખ્યા

૧.૨ - અતીતરાગ : કેટલીક સ્પષ્ટતા, વિચાર-વિમર્શ

૧.૩ - અતીતરાગ : લક્ષણો

૧.૪ - વ્યક્તિ (સર્જક) અતીત તરફ શા માટે વળે છે ?

૧.૫ - સાહિત્યમાં અતીતરાગની અભિવ્યક્તિ

૧.૬ - અતીતરાગના પ્રકાર

૧.૬.૧ શૈશવ (કાળ) પ્રત્યે અતીતરાગ

૧.૬.૨ સ્થળ (વતન) પ્રત્યે અતીતરાગ

૧.૬.૩ પ્રકૃતિ પ્રત્યે અતીતરાગ

પ્રકરણ-૨ :- ગુજરાતી સાહિત્યમાં અતીતરાગ

૨.૧ - ગુજરાતી કવિતામાં અતીતરાગ

૨.૨ - ગુજરાતી આત્મકથાત્મક કૃતિઓમાં અતીતરાગ

૨.૩ - ગુજરાતી નિબંધોમાં અતીતરાગ

પ્રકરણ-૩ :- સર્જક વ્યક્તિત્ત્વ અને પ્રેરનારાં પરિબળો

૩.૧ - કવિશ્રી ઉશનસ્ : સર્જક વ્યક્તિત્ત્વ

૩.૨ - કવિશ્રી જયંત પાઠક : સર્જક વ્યક્તિત્ત્વ

૩.૨ - મણિલાલ હ. પટેલ : સર્જક વ્યક્તિત્ત્વ

પ્રકરણ-૪ :- ઉશનસ્ના સાહિત્યમાં અતીતરાગ

૪.૧ - ઉશનસ્ની કવિતામાં અતીતરાગ

૪.૨ - ઉશનસ્ કૃત સ્મૃતિકથા (**સદ્ધમાતાનો ખાંચો**)માં અતીતરાગ

પ્રકરણ-૫ :- જયંત પાઠકના સાહિત્યમાં અતીતરાગ

૫.૧ - જયંત પાઠકની કવિતામાં અતીતરાગ

૫.૨ - જયંત પાઠક કૃત સ્મૃતિકથા(**વનાંચલ**)માં અતીતરાગ

૫.૩ - જયંત પાઠકના નિબંધોમાં અતીતરાગ

પ્રકરણ-૬ :- મણિલાલ હ. પટેલના સાહિત્યમાં અતીતરાગ

૬.૧ - મણિલાલ હ. પટેલની કવિતામાં અતીતરાગ

૬.૨ - મણિલાલ હ. પટેલના નિબંધોમાં અતીતરાગ

ઉપસંહાર

પરિશિષ્ટ

સંદર્ભગ્રંથ સૂચિ

મેં જે અધ્યયન કર્યું છે તેની પ્રકરણવાર માહિતી આ પ્રમાણે છે.

પ્રકરણ-૧ અતીતરાગ - વિભાવના - વિચાર વિમર્શ :-

આ પ્રકરણમાં મેં અતીતરાગ વિશે વિચાર વિમર્શ કરતાં નીચે મુજબના છ વિભાગ પાડયા છે.

૧.૧ આ વિભાગમાં મેં જુદા જુદા શબ્દકોશમાંથી તેમજ વિવિધ લેખકોએ આપેલી અતીતરાગ વિશેની સમજ તેમજ વ્યાખ્યાઓ ટાંકી છે.

૧.૨ આ વિભાગમાં મેં અતીતરાગની વિભાવના સમજાવી મનોવૈજ્ઞાનિકોએ આપેલી 'સ્મરણ' ની વ્યાખ્યાઓ ટાંકી છે.

૧.૩ આ વિભાગમાં મેં શબ્દકોશમાંથી ટાંકેલી વ્યાખ્યાઓ અને અતીતરાગની વિભાવનાના આધારે અતીતરાગના લક્ષણો ટાંક્યાં છે.

૧.૪ આ વિભાગમાં મેં વ્યક્તિ અતીત તરફ શા માટે વળે છે ? તેના કારણોની ચર્ચા કરી છે.

૧.૫ આ વિભાગમાં સર્જક કઈ રીતે અને શા માટે અતીતને સાહિત્યમાં ઉતારે છે તેની તપાસ કરી છે.

૧.૬ આ વિભાગમાં મેં ત્રણ પેટા વિભાગ પાડયા છે.

૧.૬.૧ આ પેટા વિભાગમાં મેં દરેક વ્યક્તિ (સર્જક) ના જીવન સાથે શૈશવઅવસ્થા સંકળાયેલી હોય છે તેની વાત રજૂ કરી છે. તેમજ શા માટે દરેક વ્યક્તિ (સર્જક) ને પોતાનું બાળપણ વ્હાલું લાગે છે ? બાળપણમાં એવું તો શું હોય છે જેના લીધે વ્યક્તિ (સર્જક) આજની વય થોડાક સમય માટે ભુલી જઈને બાળપણના એ દિવસોમાં જઈ આવતો હોય છે ? તેની ઉદાહરણ સહિત તપાસ કરી છે.

૧.૬.૨ આ પેટા વિભાગમાં મેં ગ્રામપ્રકૃતિ, ગ્રામસંસ્કૃતિ છોડીને શહેરી સંસ્કૃતિમાં આવેલ વ્યક્તિ (સર્જક) ને પોતાના વતનની, વતન પરિવેશની માયા શા માટે છૂટતી નથી ? તેનું ચિત્ત વારંવાર શા માટે વતનમાં પહોંચી જાય છે ? શા માટે તે વતનને વારંવાર સંભાર્યા કરે છે ? તેની ઉદાહરણ સહિત ચર્ચા કરી છે.

૧.૬.૩ આ પેટાવિભાગમાં પોતાના વતનની સંસ્કૃતિ તેમજ ત્યાંની પ્રકૃતિ (વૃક્ષો, નદીઓ, તળાવો, ટેકરીઓ, વગડો, વનાંચલ) એકમેકની ઓથે જીવતો વ્યક્તિ (સર્જક) આર્થિક રીતે સ્થિર થવા માટે પ્રકૃતિવિહિન મહાનગરમાં આવતા એ પ્રકૃતિ, વૃક્ષો સાથે તેનો સંબંધ તૂટે છે અને પછી વ્યક્તિ એને મેળવવાનો જે તલસાટ કરે છે તેનો ઉદાહરણ સહિત અભ્યાસ કર્યો છે.

પ્રકરણ-૨ ગુજરાતી સાહિત્યમાં અતીતરાગ :-

૨.૧ ગુજરાતી કવિતામાં અતીતરાગ

આ વિભાગમાં મધ્યકાલીન સાહિત્યથી લઈને અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં (નર્મદયુગ, પંડિતયુગ, ગાંધી-અનુગાંધીયુગ, આધુનિક યુગ) સુધીની કવિતામાં અતીતરાગી કવિતાના વિકાસની તપાસ કરી છે.

૨.૨ ગુજરાતી આત્મકથનાત્મક કૃતિઓમાં અતીતરાગ

આ વિભાગમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભથી લઈને અનુઆધુનિક યુગ સુધીની આત્મકથનાત્મક કૃતિઓ (આત્મકથા, સ્મૃતિકથા) માં પ્રગટ થયેલાં અતીતરાગની વાત કરી છે.

૨.૩ ગુજરાતી નિબંધોમાં અતીતરાગ

આ વિભાગમાં મેં નિબંધના આરંભથી લઈને મણિલાલ હ. પટેલ સુધીના નિબંધકારોના નિબંધોમાં પ્રગટેલા અતીતરાગની વાત કરી છે.

પ્રકરણ-૩ સર્જક વ્યક્તિત્ત્વ અને પ્રેરનારાં પરિબળો :-

૩.૧ કવિશ્રી ઉશનસ્ : સર્જક વ્યક્તિત્ત્વ

આ પ્રકરણમાં મેં કવિશ્રી ઉશનસ્નાં જીવન વ્યક્તિત્ત્વ અને સર્જક વ્યક્તિત્ત્વને ઘડનારાં, પ્રેરનારાં પરિબળો બાળપણ, પ્રારંભિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ, કૌટુંબિક વાતાવરણ અને કૌટુંબિક વ્યક્તિઓનો પ્રભાવ, સાંસ્કૃતિક પ્રભાવ, વાચનરુચિ, યુગ પ્રભાવ, પ્રવાસ અનુભવ, પ્રેરણાનો પ્રભાવ, દામ્પત્યજીવન વગેરે પરિબળોની વિગતે તપાસ કરી છે.

૩.૨ કવિશ્રી જયંત પાઠક : સર્જક વ્યક્તિત્ત્વ

આ પ્રકરણમાં મેં જયંત પાઠકના સર્જક વ્યક્તિત્ત્વ અને જીવન વ્યક્તિત્ત્વને ઘડનારાં-પ્રેરનારાં પરિબળો તરીકે બાળપણ, કૌટુંબિક વાતાવરણ અને કૌટુંબિક વ્યક્તિઓનો પ્રભાવ, પ્રારંભિક - માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ, દામ્પત્યજીવન, વતન-પ્રકૃતિ પ્રત્યે પ્રેમ, સર્જકોનો પ્રભાવ, તેમની મહત્વકાંક્ષા વગેરે મુદ્દાઓની ચર્ચા કરી છે.

૩.૩ મણિલાલ હ. પટેલ : સર્જક વ્યક્તિત્ત્વ

આ પ્રકરણમાં મેં મણિલાલ હ. પટેલના સર્જક વ્યક્તિત્ત્વ અને જીવન વ્યક્તિત્ત્વને ઘડનારાં-પ્રેરનારાં પરિબળો તરીકે બાળપણ, કૌટુંબિક વાતાવરણ અને કૌટુંબિક વ્યક્તિઓનો પ્રભાવ, પ્રારંભિક-માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક અભ્યાસ, દામ્પરયજીવન, વતન પ્રકૃતિ પ્રેમ, સર્જકોનો પ્રભાવ વગેરે પરિબળોનો સંક્ષિપ્તમાં અભ્યાસ કર્યો છે.

પ્રકરણ-૪ કવિશ્રી ઉશનસ્ના સાહિત્યમાં અતીતરાગ :-

મહાનિબંધનું આ મુખ્ય પ્રકરણ છે જેમાં ઉશનસ્નાં સાહિત્યમાંથી પ્રગટ થતાં અતીતરાગનો અભ્યાસ કર્યો છે. પ્રકરણ-૪ ને મેં નીચે પ્રમાણે બે વિભાગમાં વિભાજિત કર્યો છે.

૪.૧ ઉશનસ્‌ની કવિતામાં અતીતરાગ

આ વિભાગમાં મેં ઉશનસ્‌ના કાવ્યસંગ્રહો અનુક્રમે 'પ્રસૂન' (૧૯૫૫), 'નેપથ્યે' (૧૯૫૬), 'આર્દ્રા' (૧૯૫૯), 'મનોમુદ્રા' (૧૯૬૦), 'તૃણનો ગ્રહ' (૧૯૬૪), 'સ્પંદ અને છંદ' (૧૯૬૮), 'કિંકણી' (૧૯૭૧), 'ભારત દર્શન' (૧૯૭૪) 'અશ્વત્થ' (૧૯૭૫), 'રૂપના લય' (૧૯૭૬), 'વ્યાકુલ વૈષ્ણવ' (૧૯૭૭), 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે' (૧૯૭૯), 'શિશુલો' (૧૯૮૪), 'આરોહ-અવરોહ' (૧૯૮૯), 'પૃથ્વીગતિનો છંદોલય' (૧૯૯૩), 'એક માનવીને લેખે' (૧૯૯૬) 'રૂપ-અરૂપ વચ્ચે (૧૯૯૫), 'મારા નક્ષત્રો' (૧૯૯૭), 'ગઝલને વળાંકે' (૨૦૦૪), 'છેલ્લો વળાંક' (૨૦૦૫), 'ઉપાન્ત્ય' (૨૦૦૫), 'ગઝલની ગલીમાં' (૨૦૦૭), 'શબ્દ મેં પ્રેમ ભણી વાળ્યો છે' (૨૦૦૭) તેમજ 'સમસ્ત કવિતા' (૧૯૯૬) માં સમાવિષ્ટ 'મારી પૃથ્વી', 'મારું આકાશ' અને 'મને ઇચ્છાઓ છે' વગેરે કાવ્યસંગ્રહોનો અભ્યાસ કરીને તેમની કવિતામાં અતીતરાગ કઇ રીતે અને ક્યાં ક્યાં પ્રગટયો છે તેની વાત કરી છે.

૪.૨ ઉશનસ્‌કૃત સ્મૃતિકથા 'સદ્‌માતાનો ખાંચો' માં અતીતરાગ

આ વિભાગમાં મેં ઉશનસ્‌ની સ્મૃતિકથા 'સદ્‌માતાનો ખાંચો' નો અતીતરાગના સંદર્ભમાં અભ્યાસ કર્યો છે. જેમાં ઇ.સ. ૧૯૩૦ થી ઇ.સ. ૧૯૬૮ સુધીના ૩૮ વર્ષના સંસ્મરણો અતીતરાગ રૂપે શબ્દરૂપ પામ્યા છે.

પ્રકરણ-૫ જયંત પાઠકના સાહિત્યમાં અતીતરાગ :-

પ્રકરણ-૫ પણ મહાનિબંધનું મુખ્ય પ્રકરણ છે. જેમાં જયંત પાઠકના સાહિત્યમાંથી પ્રગટ થતા અતીતરાગનો સમીક્ષાત્મક અભ્યાસ કર્યો છે. પ્રકરણ-૫ ને મેં નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વિભાજિત કર્યો છે.

૫.૧ જયંત પાઠકની કવિતામાં અતીતરાગ

આ વિભાગમાં મેં જયંત પાઠકના કાવ્યસંગ્રહ અનુક્રમે 'મર્મર' (૧૯૫૪), 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૯૬૦), 'અનુનય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮), 'બે અક્ષર આનન્દના' (૧૯૯૨), 'ક્ષણોમાં જીવું છું - સમગ્ર કવિતા'

(૧૯૯૭), 'દ્રુતવિલંબિત' (૨૦૦૩), 'અક્ષર પગલે' (૨૦૦૪) વગેરે કાવ્યસંગ્રહોનો અભ્યાસ કરીને તેમની કવિતામાંથી પ્રગટ થતા અતીતરાગનો અભ્યાસ કર્યો છે.

૫.૨ જયંત પાઠકકૃત સ્મૃતિકથા 'વનાંચલ'માં અતીતરાગ

આ વિભાગમાં જયંત પાઠકની સ્મૃતિકથા 'વનાંચલ' ની અતીતરાગના સંદર્ભમાં સમીક્ષા કરવામાં આવી છે.

૫.૩ જયંત પાઠકના નિબંધોમાં અતીતરાગ :-

આ વિભાગમાં મેં જયંત પાઠકના નિબંધસંગ્રહો અનુક્રમે 'તરુરાગ' (૧૯૮૩), 'તરુરાગ અને નદીસૂક્ત' (૧૯૯૫), 'મનોમેળ તે મૈત્રી' (૨૦૦૧) નો વિગતે અભ્યાસ કરી પ્રગટ થતા અતીતરાગની ચર્ચા કરી છે.

પ્રકરણ-૬ મણિલાલ હ. પટેલના સાહિત્યનાં અતીતરાગ :-

પ્રકરણ-૬ પણ મહાનિબંધનું મુખ્ય પ્રકરણ છે. જેમાં મેં મણિલાલ હ. પટેલના સાહિત્યમાંથી પ્રગટ થતાં અતીતરાગનો અભ્યાસ કર્યો છે. પ્રકરણ-૬ ને મેં નીચે પ્રમાણે બે વિભાગમાં વિભાજિત કર્યો છે.

૬.૧ મણિલાલ હ. પટેલની કવિતામાં અતીતરાગ

આ વિભાગમાં મેં મણિલાલ હ. પટેલના કાવ્યસંગ્રહો 'પદ્મ વિનાના દેશમાં' (૧૯૮૩), 'સાતમી ઋતુ' (૧૯૮૧), 'ડુંગર કોરી ઘર કર્યા' (૧૯૯૬), 'વિચ્છેદ' (૨૦૦૬), 'સીમાડે ઊગેલું ઝાડવું' (૨૦૧૨) નો વિગતે અભ્યાસ કરી તેમની કવિતામાં પ્રગટ થતા અતીતરાગની તપાસ કરી છે.

૬.૨ મણિલાલ હ. પટેલના નિબંધોમાં અતીતરાગ

આ વિભાગમાં મેં મણિલાલ હ. પટેલના કાવ્યસંગ્રહો અનુક્રમે 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે' (૧૯૮૫), 'મુખોમુખ' (૧૯૮૧), 'કોઈ સાઇ પાડે છે' (૧૯૯૦), 'અક્ષરને અજવાળે' (સાહિત્યિક પત્રકારત્વ) (૧૯૯૩), 'માટીવટો' (૧૯૯૩), હું તો નિત્ય પ્રવાસી (વિલાયતના અનુભવો) (૧૯૯૬), 'વૃક્ષાલોક' (૧૯૯૭), 'માટીના મને' (૧૯૯૯), 'વૃક્ષાલોક' નો વિગતે અભ્યાસ કરી તેમની કવિતામાં પ્રગટ થતા અતીતરાગની તપાસ કરી છે.

ઉપસંહાર

મહાનિબંધના આ અંતિમ પ્રકરણમાં મેં સમગ્ર મહાનિબંધનાં અવલોકનો, તારણો મૂલ્યાંકનોની ચર્ચા કરી છે.

મહાનિબંધના અંતે સંદર્ભસૂચિ તેમજ પરિશિષ્ટમાં ઉશનસ્, જયંત પાઠક અને મણિલાલ હ. પટેલની હસ્તલિખિત કવિતા તેમના ફોટા અને તેમણે કરેલા ગુજરાતી સાહિત્યમાં યશસ્વી સર્જનની માહિતી રજૂ કરીને મારા આ મહાનિબંધનું કાર્ય પૂર્ણ કરવાની યોજના કરી છે.

શોધાર્થી

અમિત આઇ. પટેલ

સ્થળ : સુરત

માર્ગદર્શક

ડૉ. દમયંતી પરમાર